અપીલ અરજી નં.૩૬૫ તા.૨૫–૨–૦૯

અરજદારઃ શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી ,સેન્ટ્રલઝોન

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૯–૧–૦૯ ની અરજીથી તા.૬–૯–૦૮ ના રોજ સંબંધિત વિભાગમાં તમામ પુરાવા સાથે અરજી કરવામાં આવેલ તે બાબતે આપશ્રીએ આરોગ્ય વિભાગ, ફાયર વિભાગ, શહેર વિકાસ વિભાગ,ગુમાસ્તા વિભાગ તેમજ લાગતા વળગતા વિભાગ પાસે શુ શુ તપાસ કરાવવામાં આવી અને તપાસ રીપોટના આધારે શું કાર્યવાહી કરવામાં આવી રહી છે તેની તમામ વિભાગની તપાસ નકલ ફાળવણી અને માહિતી આપી હવે પછી શું કાર્યવાહી કરવાના છે તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૫–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૬૫/૨૦૦૮–૦૯

શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૯–૧–૦૯ ની અરજીથી તા.૬–૯–૦૮ ના રોજ સંબંધિત વિભાગમાં તમામ પુરાવા સાથે અરજી કરવામાં આવેલ તે બાબતે આપશ્રીએ આરોગ્ય વિભાગ, ફાયર વિભાગ, શહેર વિકાસ વિભાગ, ગુમાસ્તા વિભાગ તેમજ લાગતા વળગતા વિભાગ પાસે શુ શુ તપાસ કરાવવામાં આવી અને તપાસ રીપોર્ટના આધારે શું કાર્યવાહી કરવામાં આવી રહી છે તેની તમામ વિભાગની તપાસ નકલ ફાળવણી અને માહિતી આપી હવે પછી શું કાર્યવાહી કરવાના છે તેની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/ ૧૩૩૩ તા.૩–૨–૦૯ થી આપેલ માહિતી સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૫–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૧૧૮૧ તા.૭–૩–૦૯થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને તેમના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/૧૬૦૫ તા.૨૧–૩–૦૯થી પૂરક વિગતો મોકલી આપવામાં આવેલ છે. જે અનુસાર તેઓ કક્ષાએથી અરજદારને ૧૯–૧–૦૯ની અરજી બાબતે અરજદારને તેમના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૧૩૩૩ તા.૩–૨–૦૯થી સમય મર્યાદામાં માહિતી પૂરી પાડી જણાવેલ છે કે અરજદારની ૬–૯–૦૮ની અરજીમાંનિર્દિષ્ટ મિલ્કતો પૈકી ઘર નં.૪/૨૮૪,૩૦૭ અને ૩૬૦ માં બીપીએમસી એકટની કલમ ૩૭૬(૧) ના પ્રકરણ ૧૮ ના ભાગ ૧,૨,૩ અને ૪ તથા મ્યુ. રૂલ્સના ચેપ્ટર નં.૯ રૂલ ૨૨૫ અનુસાર પરવાનો આપવામાં આવેલ છે અને એ શરતો અનુસાર સંગ્રહ/વપરાશ કરતા હોવાથી પરવાનો રદ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જયારે ઘર નં.૨/૨૯૪ અને ૨/૨૯૬ વાળી મિલ્કતમાં લાયસન્સ રીન્યુ ન કરવા બદલ મ્યુ.કોર્ટમાં કેસ નં.૩૯૧૨ અને ૩૯૧૩ દાખલ કરવામાં આવેલ હોવાનું જણાવી અરજદારે માંગ્યા અનુસાર તેની અગીયાર નકલો માટે નિયત ફી રૂા.૨૨/–ભરતા અરજદારને તા.૧૩–૩–૦૯ ના રોજ જાહેર માહિતી અધિકારીએ નકલો પણ પૂરી પાડેલ છે.

અરજદારે તેમની તા.૨૫–૨–૦૯ની અપીલથી માળેલ માહિતીથી નારજગી વ્યકત કરી સંગ્રહ/વપરાશનો પરવાનો આપવામાં આવેલ બતાવવામાં આવેલ માહિતી ખોટી આપવામાં આવેલ હોવાનું જણાવી સંગ્રહ કરવા અથવા વપરાશ પૈકી એ માટે પરવાનો આપવામાં આવે એવી દલીલ કરેલ છે અને બંને માટે પરવાનગી આપી શકે નહીં તેવી રજુઆત કરેલ છે.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ) માહિતીની વ્યાખ્યા અને કલમ–૨(જે) માહિતી અધિકારની વ્યાખ્યામાં કરેલ જોગવાઈ અનુસાર જાહેર સત્તા મંડળ પાસેની અથવા તેમના તાબા હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ કરવામાં આવેલ છે. પ્રસ્તુત કેસમાં અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા તેને લગતી હકીકત લક્ષી માહિતી આપ્યાનું અરજદારે સ્વયં સ્વીકારેલ છે. જેથી માંગેલ માહિતી નહીં આપવાનો પ્રશ્ન અત્રે ઉપસ્થિત થતો નથી. અરજદારને મળેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી થયેલ ખાતાકીય કાર્યવાહી અને અર્થઘટન બાબતે અરજદારે અપીલમાં તકરાર ઉપસ્થિત કરેલ જણાય છે. જયાં સુધી માહિતી અધિકાર અધિનિયમની જોગવાઈને સંબંધ છે ત્યાં સુધી હકીકતલક્ષી દફતરી માહિતી ઉપલબ્ધ કરાવવાની છે અને તે પ્રસ્તુત કિસ્સામાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી થયેલ જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૧–૦૯ની મૂળ અરજીથી માંગેલ માહિતી નકલ સહિત જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને સમય મર્યાદામાં પૂરી પાડેલ હોઈ અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અપીલ દફતરે કરવામાં આવે છે.

અરજદારે ખાતાકીય કાર્યવાહી તે અંગેની કાનુની જોગવાઈ સંદર્ભે અર્થઘટનના હેતુથી જે વિવાદ ઉત્પન કરેલ છ તે અંગે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી ,સેન્ટ્રલઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,